ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43
& 26300126
Telegrams : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# GUJARAT UNIVERSITY
( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

નં. પરીક્ષા/ 50646/૨૦૧૮ તા. 18-૦૫-૨૦૧૮

પરિપત્ર નં. : 253

**વિષય : પુનઃમૂલ્યાંકન અંગે.**

પરીક્ષા સુધારણા સમિતિની તા. ૨૪-૦૪-૨૦૧૮ મીટિંગમાં નક્કી થયા મુજબ પુનઃમૂલ્યાંકનના નીચે મુજબના નિયમોને મંજૂર કરવામાં આવેલ છે. જે નીચે મુજબ રહેશે.

૧. વિદ્યાર્થીએ પુનઃમૂલ્યાંકન માટે નિયત Online ભરેલ અરજીપત્રક જે તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી સળંગ પંદર દિવસ સુધીમાં પુનઃમૂલ્યાંકનની ફી તથા માર્કશીટની સ્વ-પ્રમાણિતની સુવાચ્ય નકલ અથવા સ્વ-પ્રમાણિત ઈન્ટરનેટની નકલ અથવા આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કૉલેજ રેકોર્ડની નકલ સાથે કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી સમક્ષ રજૂ કરવાનું રહેશે.

૨. (મેડિકલ, ડેન્ટલ તથા પેરામેડિકલ સિવાયની તમામ પરીક્ષાઓમાં) :

(૧) તમામ પરીક્ષાઓમાં, તમામ સેમેસ્ટરમાં વધુમાં વધુ ત્રણ થીયરી પેપર સુધી પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી શકશે.

(૨) મેડિકલ, ડેન્ટલ તથા પેરામેડિકલ સિવાયની તમામ થીયરી પરીક્ષાઓમાં રીચેકિંગની પદ્ધતિ નાબુદ કરવી.

(૩) પુનઃમૂલ્યાંકનની પ્રક્રિયામાં પુનઃમૂલ્યાંકન બે વખત કરવાનું રહેશે. પ્રથમ મૂલ્યાંકનનાં ગુણ અને બે પુનઃમૂલ્યાંકનના ગુણ એમ ત્રણ મૂલ્યાંકનના આવેલ ગુણના સરેરાશ ગુણ પુનઃમૂલ્યાંકન ગુણ તરીકે અંતીમ ગણાશે.

(૪) પુનઃમૂલ્યાંકનની ભરેલ ફી પરત મળી શકશે નહીં. તેમજ અન્યના નામે તબદીલ થઈ શકશે નહીં.

૩. વિદ્યાર્થીએ પુનઃમૂલ્યાંકનથી મેળવેલ ગુણની તેના ગુણપત્રક પર અસર આપવામાં આવશે. પરંતુ સુધરેલ ગુણ/પરિણામના આધારે ચંદ્રક/પારિતોષિક/ઈનામ મેળવવાને હક્કદાર બનશે નહીં.

૪. પ્રેક્ટિકલ, વાઈવા, ડિઝર્ટેશન, સેમિનાર કે ટર્મવર્કનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે નહીં. પરંતુ ગુણ ચકાસણી કરી શકાશે. આંતરિક પરીક્ષામાં ગુણ ચકાસણી કે પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે નહીં.

૫. પુનઃમૂલ્યાંકન માટે પેપરદીઠ રૂ. ૨૫૦/- ફી ભરવાની રહેશે. જ્યારે એન્જિનિયરિંગ, મેડિકલ, (ફાઈનલ એમ.બી.,બી.એસ., બી.ડી.એસ., ફિઝિયોથેરાપી) વિદ્યાશાખા માટે પેપરદીઠ રૂ. ૫૦૦/- ફી ભરવાની રહેશે. (અરજીના નાણા રોકડેથી જમા લેવામાં આવશે.)

૬. રૂબરૂમાં ઉત્તરવહી તપાસવાની કે બતાવવામાં આવશે નહીં.

પુનઃમૂલ્યાંકનના ઉપરોક્ત નિયમો અન્ય આદેશ ના થાય ત્યાં સુધી લાગુ રહેશે.

કા. કુલસચિવ